**AAJ-1971** Seat No. ______

# M. A. (Sem. IV) Examination

**April - 2019**

## Gujarati : Paper - 403

*(Core Course Comp.)*

(સમીક્ષા - અપઠિત)

Time : **3** Hours ] [Total Marks : **70**

**સૂચના** : દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

૧ કોઈ પણ એક વિશે નિબંધ લખો :

(૧) રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી

(૨) શિક્ષણનું માધ્યમ - માતૃભાષા

(૩) સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત

(૪) વર્ષાની એક સુંદર સાંજ

૨ કોઈ પણ એક વિશે નિબંધ લખો :

(૧) પૌરાણિક સાહિત્યનાં કથાનકોનો મધ્યકાલીન સાહિત્યમાં વિનિયોગ

(૨) ગુજરાતી લોકસાહિત્ય

(૩) ગુજરાતી સાહિત્ય પર ગાંધીપ્રભાવ

(૪) ગુજરાતી સાહિત્યમાં નારીચેતનાનું નિરૂપણ.

૩ નીચે આપેલા કાવ્યનો આસ્વાદમૂલક પરિચય કરાવો :

સાંભળું તારો સૂર
સાંવરિયા, એટલો રહેજે દૂર !
ગોપી ને ગોપની વચ્ચે સજોડલે
ભલે તું રાસ ના ખેલે,
વનને વિજન તું મારે અંબોડલે
ભલે કદંબ ના મેલે;
તારી તે મોરલીને સૂર
સાંવરિયા, મેં તો મેલ્યું છે મારું ઉર !
સૂરની સંગાથ મારાં શમણાંનો સાર
ને સઘળો સંસાર મેં તો બાંધ્યો,
એમાં તો મુજને આ જગથીયે પાર
રે એવો કો સૂરલોક લાધ્યો;
હવે જાશે મથુરાપુર ?
સાંવરિયા, થાશે તું કંસથીયે ક્રૂર ?

- **નિરંજન ભગત**

**અથવા**

૩ નીચે આપેલા કાવ્યનો આસ્વાદમૂલક પરિચય કરાવો :

હું જ જય છું અને પરાજય છું;
હું કરુક્ષેત્રમાંનો સંજય છું.
કોઈ અર્જુનનો હું જ સંશય છું;
કૃષ્ણ છે ત્યાં સુધી જ નિર્ભય છું.
સૂર્યમાળા સમો હું સ્થાયી નથી;
જો કે પૃથ્વીનો શાશ્વતી લય છું;
કૃષ્ણ તો પીપળા નીચે પોઢ્યા;
પી ગયો યાદવોને એ મય છું.
શેષ છે બોધિવૃક્ષનું ઠૂંઠું;
પાનખરનો હું પીળો આશય છું.
'આવજે' કહી દઉં તને આકાશ !
હું તો મૃણ્મય હતો ને મૃણ્મય છું.

- **ભગવતીકુમાર શર્મા**

૪ નીચે આપેલા અંગ્રેજી પરિચ્છેદનું ગુજરાતીમાં ભાષાંતર કરો :

At the outset we are met by a distinction which separates works of art into two classes - the distinction between the 'fine' arts and the 'lesser' or 'mechanical' arts. The fine arts are architecture, sculpture, painting, music and poetry. The cabinet maker, the glass them the distinction which separates these two class a like manifestations of the development of man; but the fine arts concerned mainly with his moral and intellectual growth, and the lesser arts with his physical and material well-being and between these typical arts of the second class and and the fine arts there are others such as engraving on wood, the designing of decorations of fabrics which may belong to either class according to the degree of merit displayed by the artist.

અથવા

૪ નીચે આપેલા અંગ્રેજી પરિચ્છેદનું ગુજરાતીમાં ભાષાંતર કરો :

In painting the material basis is provided by the canvas, board or other surface upon which the lines which indicate space and the artificial colour which represent the natural colours of external objects are respectively drawn or laid. But is proportion as this basis is less material than that of the sculptor, the painter requires a greater compount of artifice in the mean which be employs to bring these lines and colours under the congnizance of the sense of sight : for he has to represent solid objects and seal colours by means of line and colours placed on a flat surface in order to present solid objects by lines only he must draw these lines according to rules of perspective that is,

he must draw the severd out lines of the external objects which form his picture in precisely the same positions on his canvas as they would occupy on the field of vision of a single point of view and similarity in order to represent the seal colours laid on a uniform surface the must give the correct values to the colours of each objects that is he must take these colours more or less bright or strong in proportion as the seal objects, whose colours he thus represents, would be more on less discount from the spector.

૫ નીચેનામાંથી કોઈ પણ બે કાવ્યપંક્તિનો અર્થવિસ્તાર કરો :

(૧) ભાષાને શું વાળગે, ભૂર !
જે રણમાં જીતે તે શૂર.

(૨) ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે તદપિ અર્થ ના સરે,
મત્સ્યભોગી બગલો મુક્તાફળ દેખી ચંચું ના ભરે.

(૩) ગમતું મળે તો 'લ્યા ગુંજે ન ભરીએ
ને ગમતાંનો કરીએ ગુલાલ

(૪) જિંદગીના રસને પીવામાં કરો જલ્દી મરીઝ,
એક તો ઓછી મદિરા છે ગળતું જામ છે.

**અથવા**

૫ નીચેનામાંથી કોઈ પણ બે ગદ્યપંક્તિનો અર્થવિસ્તાર કરો :

(૧) કવિતા એ આત્માની અ-મૃત કલા છે.

(૨) શું જીવનમાં કે શું કળામાં, અનુકરણ એટલે મરણ.

(૩) સબસે ઊંચી પ્રેમસગાઈ.

(૪) નીતિ એ કલાની વિષકન્યા છે.

---